# ગાંધી નિર્વાણ દિને સ્મરણાંજલિ

જ્ઞાનામૃત

બ્રહ્માકુમાર અનિલ



આપણે જોઈએ છીએ કે મહાપુરુષોએ, શ્રેષ્ઠ આત્માઓએ જે પણ કર્મો કર્યા, જે આદેશો આપ્યા એ ઉપદેશો સમય અને સ્થાનની સીમાઓના બંધનમાં રહ્યા નથી. એ આદર્શોને આપણે ગમે તે વાતાવરણમાં, કોઈ પણ પરિસ્થિતિમાં જીવનની સાર્થકતારૂપે સ્વીકારીએ છીએ. એમણે જે આદર્શો આપ્યા તે કદાચ તે સમયમાં એટલા ઉપયોગી ન હોય પણ વર્તમાન સમાજની પરિસ્થિતિઓને જોતાં ઘણા જ જરૂરી છે. તો આપણે જાણીએ છીએ, કે આદર્શો એ આજના સમાજની આવશ્યકતા છે. તે આદર્શ આપણા જીવનની સફળતા અને આધારના મૂળરૂપ બની ગયા. સૌ પ્રથમ આવે છે અહિંસા. મન, વચન, કર્મથી કોઈપણ પ્રકારની હિંસા કરવાની નથી.

બીજો આદર્શ છે સત્યતા. આપણે ક્યાં સુધી સત્યવાદી બન્યા છીએ ? જો માનવ સત્યને શોધે છે તો સત્યના પથ ઉપર ચાલવા ઈચ્છે છે. સત્યની શોધ માટે તો ઋષિમુનિઓએ સંન્યાસ લીધા. ઘરબારનો ત્યાગ કર્યો, તપસ્યા કરી. આ સત્યતા માટે જ મહાવીર સ્વામીએ એશઆરામનો ત્યાગ કર્યો કે સત્ય શું છે? દરેક માનવને સત્યતા સારી લાગે છે કે સત્ય બોલવાથી દિલ ખુશ થઈ જાય છે. આપણે પોતાની જાતને પૂછીએ કે હું કેટલો સત્યવાદી છું ? હું કેટલો સત્યના રાહ ઉપર ચાલું છું. મેં સત્યને મારા જીવનમાં ક્યાં સુધી અપનાવ્યું છે ? કોઈ ભૂલ કરીને તેનો સ્વીકાર કરી લે છે તો આપણને ઘણો આનંદ થાય છે. કારણ કે તેણે ભૂલ કરી, પણ સાચું તો બોલ્યા. પરંતુ આજનો માનવ સમાજ એટલો નિષ્ઠુર થઈ ગયો છે કે ભૂલો કરીને પણ સત્યતાનો સ્વીકાર કરતો નથી. તો પ્રગતિના પથ પર કઈ રીતે આગળ વધી શકશે ? અને સત્યતાને પ્રાપ્ત કરવા માટે પહેલાં તો સ્વયંના સત્ય સ્વરૂપનો સ્વીકાર કરીએ કે મારું સત્ય સ્વરૂપ કેવું છે ? મારી સ્વયંની સત્યતા કઈ છે જે વિસ્મૃતિમાં ચાલી ગઈ છે, કે આપણે વાસ્તવમાં આત્મા છીએ. પણ પોતાને સમજી લીધું છે શરીર. શરીર તો એક સાધન માત્ર છે પણ આત્મા સાધક છે. એને જ આપણે ભૂલી ગયા છીએ. તેથી તો કહેવાય છે 'જૂઠી માયા જૂઠી કાયા, જૂઠા સબ સંસાર'. સત્યતા શું છે તેનો મારે સ્વીકાર કરવો છે.

આપણે કઈ રીતે વિચારીએ છીએ, કઈ રીતે ચાલીએ છીએ, કેવો વ્યવહાર કરીએ છીએ, કઈ રીતે સંપર્કમાં આવીએ છીએ, એ વિચારવા જેવી વાત છે. તો આપણી દરેક પ્રવૃત્તિ અહિંસક છે ? કોઈની હિંસા કરનારી તો નથી ને ? તો મન, વચન, કર્મથી આપણે પોતાને અહિંસક બનાવીએ. આજે મહાત્મા ગાંધીજીનું ઉદાહરણ આપણી સામે આવે છે. જેમણે અંગ્રેજી સામ્રાજ્યને સત્ય અને અહિંસાના આધારે ઉઠાવીને ફેંકી દીધું અને લડાઈ ઝઘડાનો વિનાશ કર્યો. અહિંસાની શક્તિના આધાર પર તો અહિંસામાં એક અમોઘ બળ છે. જેને આપણે સમય અને પરિસ્થિતિઓ ઉપર જાણી શકીએ છીએ. પરંતુ આજના સમય અને પરિસ્થિતિથી આપણે એ જાણી શકીએ છીએ કે આજ સમગ્ર વિશ્વ, મોટા મોટા દેશો જે હિંસકવૃત્તિ ધરાવે છે તેઓ વિશ્વને વિનાશ તરફ ખેંચી રહ્યા છે. પરંતુ આજે જો અહિંસાને ધારણ કરવામાં આવે તો ઘરઘરના લડાઈ ઝઘડા, સમાજનું વૈમનસ્ય, આ દેશની દુશ્મનાવટ સર્વ સમાપ્ત થઈ જશે. દા.ત. મહાવીર સ્વામીનું જીવન. એમણે જંગલમાં તપસ્યા કરી ત્યારે જીવ, જંતુ, પતંગિયાં અને પક્ષીઓએ એમના શરીરને પોતાનું નિવાસસ્થાન બનાવ્યું. છતાં એમણે કંઈ પણ દુ:ખ અનુભવ્યું નહીં. પરંતુ એ પ્રકૃતિની રચનાને આશ્રય આપ્યો એમણે એને માર્યા નહીં, નસાડ્યાં નહીં. આ પ્રસંગે ભર્તૃહરિના શબ્દો યાદ આવે છે. જે મહાત્મા શીતળ પ્રકાશવાળા હોય છે તેનાથી અગ્નિ શાંત થઈ જાય છે. પર્વત એના માટે ટેકરી બની જાય છે. સાપ એના માટે માળા બની જાય છે. ઝેર એમના માટે અમૃત બની જાય છે, જો આપણે આપણી જાતને દુ:ખ આપીએ છીએ તો આપણે દુ:ખી બની જઈએ છીએ. એટલા માટે મારે કોઈને દુ:ખ આપવું નથી તેમજ કોઈની પાસેથી દુ:ખ લેવું પણ નથી. તો સૌથી મોટી અહિંસા આ છે કે હું મારી પોતાની જાતને પણ દુ:ખી ના કરું. આપણે પોત પોતાનાથી, પોતાના સંસ્કારોથી, પોતાના સ્વભાવથી, પોતાની ખરાબ આદતોથી દુ:ખી થઈ જઈએ છીએ કે મારાથી આ થઈ શકતું નથી. આપણે સ્વયં સ્વયંને ખલેલ પહોંચાડીએ છીએ. અને સ્વયંની હિંસા કરીએ છીએ. માટે બીજાની હિંસા છોડીને આપણે સ્વયં જ અહિંસક બનીએ.બીજો આદર્શ છે સત્યતા. આપણે ક્યાં સુધી સત્યવાદી બન્યા છીએ ? જો માનવ સત્યને શોધે છે તો સત્યના પથ ઉપર ચાલવા ઈચ્છે છે. સત્યની શોધ માટે તો ઋષિમુનિઓએ સંન્યાસ લીધા. ઘરબારનો ત્યાગ કર્યો, તપસ્યા કરી. આ સત્યતા માટે જ મહાવીર સ્વામીએ એશઆરામનો ત્યાગ કર્યો કે સત્ય શું છે? દરેક માનવને સત્યતા સારી લાગે છે કે સત્ય બોલવાથી દિલ ખુશ થઈ જાય છે. આપણે પોતાની જાતને પૂછીએ કે હું કેટલો સત્યવાદી છું ? હું કેટલો સત્યના રાહ ઉપર ચાલું છું. મેં સત્યને મારા જીવનમાં ક્યાં સુધી અપનાવ્યું છે ? કોઈ ભૂલ કરીને તેનો સ્વીકાર કરી લે છે તો આપણને ઘણો આનંદ થાય છે. કારણ કે તેણે ભૂલ કરી, પણ સાચું તો બોલ્યા. પરંતુ આજનો માનવ સમાજ એટલો નિષ્ઠુર થઈ ગયો છે કે ભૂલો કરીને પણ સત્યતાનો સ્વીકાર કરતો નથી. તો પ્રગતિના પથ પર કઈ રીતે આગળ વધી શકશે ? અને સત્યતાને પ્રાપ્ત કરવા માટે પહેલાં તો સ્વયંના સત્ય સ્વરૂપનો સ્વીકાર કરીએ કે મારું સત્ય સ્વરૂપ કેવું છે ? મારી સ્વયંની સત્યતા કઈ છે જે વિસ્મૃતિમાં ચાલી ગઈ છે, કે આપણે વાસ્તવમાં આત્મા છીએ. પણ પોતાને સમજી લીધું છે શરીર. શરીર તો એક સાધન માત્ર છે પણ આત્મા સાધક છે. એને જ આપણે ભૂલી ગયા છીએ. તેથી તો કહેવાય છે 'જૂઠી માયા જૂઠી કાયા, જૂઠા સબ સંસાર'. સત્યતા શું છે તેનો મારે સ્વીકાર કરવો છે.

સત્યતા આપણને પ્રભુની નજીક લઈ જાય છે. અને જ્યારે આપણે અસત્ય માર્ગ ઉપર ચાલીએ છીએ ત્યારે પરમાત્માથી કેટલાયે માઈલો દૂર જઈએ છીએ. માત્ર ભગવાનથી જ નહીં પણ પોતાની જાતથી પણ દૂર જઈએ છીએ. આજે આપણે વિશ્વમાં શાંતિ ઈચ્છીએ છીએ પણ પોતાની જાતથી દૂર થઈ ગયા છીએ. તેથી તે સુખ અને શાંતિ આપણને મળતાં નથી. પણ તે સત્યતા કેટલું નામ પ્રસિદ્ધ કરે છે.

સત્ય શું છે તે મહાવીર સ્વામીનો આદર્શ આપણને શીખવાડે છે. મહાત્મા ગાંધી પણ આ યુગના અને આ શતાબ્દીના છે. જેઓએ સત્યના આધાર પર પોતાના જીવનને ચલાવ્યું. તો એ પણ આપણી સામે એક આદર્શ રજૂ કરે છે. જો આપણે સત્ય પર ચાલીશું તો આપણો ધંધો ચાલી શકશે નહીં. આપણે કમાણી કરી શકીશું નહીં. તે માટે અમારે જૂઠું બોલવું પડે છે. થોડી પણ ભેળસેળ કરવી પડે છે. પરંતુ સત્યમાં ભેળસેળ નથી. જો સત્યમાં ભેળસેળ છે તો તે સત્ય નથી, અસત્ય બની જાય છે, સત્યની નાવ ડોલશે પણ ડૂબશે નહીં. સત્યતા માટે શક્તિ જોઈએ, સાહસ જોઈએ. સત્ય તો સત્ય છે. સત્ય બોલનારા ડગી જાય છે. જૂઠું બોલનાર ડગી જતો નથી.

> આજે જો આપણે સત્યતાના પથ પર ચાલવાનું લક્ષ્ય રાખીએ તો આજે જે ભ્રષ્ટાચાર, લાંચરુશ્વત, ચોરી વગેરે જેટલી પણ સામાજિક સમસ્યાઓ છે, તે ધીરેધીરે સમાપ્ત થઇ જશે

તે પોતાના અસત્યને સિદ્ધ કરવા માટે સો અસત્ય સંભળાવશે. પણ સત્ય બોલનારની પાસે કોઈ દલીલ નથી. તે કહે છે જે વાત છે, જેવી વાત છે હું આપની સમક્ષ રાખું છું. અસત્ય બોલનાર પોતાની અસત્ય વાતને એટલા જોરથી રજૂ કરશે, સિધ્ધ કરશે કે બધા લોકો વિચારશે કે આની વાત જ સાચી છે. સત્યતાનો સ્વીકાર કરવો એટલું જ પૂરતું નથી પણ સત્યતાની અનુભૂતિની જરૂર છે.

વર્તમાન સમયમાં જ્યારે સમગ્ર સમાજ કંઈક અસત્યતાને કારણે જ, ભ્રષ્ટાચારને કારણે જ પોતાના પથથી વિમુખ થઈ ગયો છે. એ સત્યતાનો અનુભવ કરવાની આવશ્યકતા છે.

અને આજે જો આપણે સત્યતાના પથ પર ચાલવાનું લક્ષ્ય રાખીએ તો આજે જે ભ્રષ્ટાચાર, લાંચરુશ્વત, ચોરી વગેરે જેટલી પણ સામાજિક સમસ્યાઓ છે, તે ધીરેધીરે સમાપ્ત થઈ જશે.

મિત્રો, આમ આપણુ જીવન મૂલ્યવાન બનાવવા માટે સત્ય અને અહિંસાના શ્રેષ્ઠ આદર્શનું આચરણ ખૂબ જ અગત્યનું છે. 'હમણા નહીં તો કયારેય નહીં' એ સૂત્રને સત્ય અને અહિંસાના આદર્શો સાથે જીવનમાં આચરણ કરીએ અને આપણુ જીવન મૂલ્યોથી મૂલ્યવાન બનાવીએ એવી શુભેચ્છા સાથે.....
ઓમ શાંતિ.....

# નકામો અરીસો

બાઉલ કથા



લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ



આસન ઘોષે ઈમામાં બજાર ગામમાં અરીસા વેચવાવાળાની દુકાને ગાડી થોભાવી. અમારે બોલપુર જિલ્લાના ઉષારદિહી ગામમાં અજય નદીના કાંઠે બિનિતદાસ બાઉલના આશ્રમે જવું હતું.

આશ્રમે પહોંચ્યાં. બાઉલનું અભિવાદન કરી અમે બેઠક જમાવી, ગીતો સાંભળ્યા. થોડી વાર પછી આસન ઘોષે બિનિતદાસને કહ્યું, ''બાઉલ! છેલ્લે ત્રણ માસ પહેલાં આપણે ઈમામ બજારમાં તારા નૃત્યમાં મળ્યા હતા. તે તને યાદ છે?''

બિનિતદાસ બોલ્યા, ''હા, મને યાદ છે. તે અમારા પરમ ગુરુના સ્મૃતિમાં મેળો હતો.''

આસન ઘોષ બોલ્યા, ''તે દિવસે તારા માથા પરનો ચૂડો અને ફાળિયું અસ્તવ્યસ્ત હતાં, લોકો ખૂબ ટીકા કરતા હતા. તે સમયે તારા એક બાઉલપ્રેમીએ કહ્યું કે બાઉલના આશ્રમમાં અરીસો જ નથી તેથી તેને ચૂડા-ફેંટા બાંધવામાં અગવડ પડે છે. તે સાંભળી હું આજે તારા માટે અરીસો લાવ્યો છું.''

આ સાંભળતાની સાથે જ બાઉલ ચમક્યો, ''અરે, આસન! મારે અરીસો નથી જોઈતો! મારે તે શા ખપનો?'' આસને કહ્યું, ''જો, બાઉલ! તારા માટે જ લાવ્યો છું! તું તેમાં જોઈ જોઈ સાજ સજીને નૃત્ય -ગીત-સંગીત રજૂ કરીશ તો તને મજા આવશે.''

બાઉલ અકળાયો,''આસન! ભાઈ, આ અરીસો હું ક્યાં ટીંગાડું? મારી પાસે આ ખુલ્લી ઓસરી અને એક ઓરડો છે.''

આસન હઠ પર ચઢી ગયો હતો, ''અરે! લાવ, આ ઓસરીમાં ટાંગી દઉં.''

બાઉલ બોલ્યો, ''ના, ભાઈ, સામે જો આ વાહનવ્યવહારવાળો રસ્તો છે, આખો દિવસ ખૂબ ધૂળ ઊડે છે! અરીસા પર વારંવાર ધૂળના થર જામી જાય છે, કશું જોઈ શકાતું નથી.''

આસને દલીલ કરી, ''તો અંદરના ઓરડામાં ટાંગી દઉં?''

બાઉલે ઉત્તર આપ્યો, ''અરે ભાઈ! અંદરના ઓરડામાં તો ઘોર અંધારું છે! મોઢું કઈ રીતે દેખાશે?''

પછી રહસ્યમય હાસ્ય કરતા બોલ્યો, ''ભાઈ આસન! જયારે અંદરના ઓરડામાં જોઈ શકાય તેવું ઝળહળ અજવાળું થાશે અથવા બહારની ઓસરીમાં આ રજને લૂંછી-ભૂંસી શકું તેવું કપડું મળશે ત્યારે તારો અરીસો હું મંગાવી લઈશ. ત્યાં સુધી જોયા વગર સાજ સજવાથી ભલે મારો ચૂડો અને ફેંટો ઢીલોઢાલો રહે!''

> જયારે અંદરના ઓરડામાં જોઇ શકાય તેવું ઝળહળ અજવાળું થાશે અથવા બહારની ઓસરીમાં આ રજને લૂંછી-ભૂંસી શકું તેવું કપડું મળશે ત્યારે તારો અરીસો હું મંગાવી લઇશ

બાઉલના અંતસ્થ ઉજાસના અને બાહ્ય વ્યવહારો વિષયક આ બન્ને ઈંગિતને પામી ગયેલ આસને ખોલેલા અરીસાને ફરી થેલામાં મૂકી દીધો. અમને તે અરીસામાં બાઉલનું હસતું પ્રતિબિંબ દેખાયું.